# એન.એચ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદમાં "યોગ દિવસ"ની ઉત્સાહભેર ઉજવણી

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉમંગ અને ઉત્સાહથી ઉજવણી કરવામાં આવી.

ઉજવણીની શુભ શરૂઆત પ્રાર્થના દ્વારા થઈ. કોલેજના સંવાહક ડૉ. દિલીપભાઈ યુ.પટેલની અધ્યક્ષતામાં થઈ. સરકારશ્રીના આદેશાનુસાર વન્દે ગુજરાત-૧૨ ચેનલ દ્વારા પ્રસારણ બતાવવામાં આવ્યું. જે અંતર્ગત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું યોગ અંગે વકતવ્ય, યોગ કરવા માટે અપીલ તથા યોગ દ્વાર થતા ફાયદા સાથે જ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા પણ આ ઉજવણી દ્વારા ગામ,શહેર, તાલુકો,જીલ્લો, રાષ્ટ્ર યોગમય બની જવાનો છે તે આશય નિહાળવામાં આવ્યું. સાથે જ ભકિતયોગ, કર્મયોગ, હઠયોગની ચર્ચા તથા વિવિધ આસનોનું નિદર્શન જોવામાં આવ્યું.

સાથે જ સ્વામીશ્રી નિખિલેશ્વરાનંદજીએ આ પ્રસંગે ઉદ્દબોધન કરતાં શ્રીમદ્ ભાગવત તથા સ્વામી વિવેકાનંદજીના મતે આત્મા, પરમાત્મા, પરમેશ્વરના કાર્યો, તથા પ્રેમની વિશદ તાત્વીક સ્પષ્ટતા કરી. કર્મયોગમાં હવે દેવો દરિદ્ર ભવ તથા યોગી દેવો ભવ તથા સરળતાથી અને સહજતાથી જીવન જીવવાની હાકલ કરી.

ત્યારબાદ ડૉ. ઉષા એસ. શારડા તથા પ્રા. સુભાષ.વી. મકવાણા દ્વારા સમસ્ત કોલેજ પરિવારના શૈક્ષણિક, બિનશૈક્ષણિક તથા વિદ્યાર્થીઓને વિવિધ આસનો કરવામાં આવ્યાં.

આ પ્રસંગે પ્રા.એલ.એસ. બલાત, ડૉ.યુ.એસ. શારડા, ડૉ. જયકર એસ.મેકવાન, ડૉ.જે.જે.દીક્ષિત , પ્રા.એસ.વી. મકવાણા, પ્રા. હિરેનભાઈ શાહ તથા શ્રી નિલેષભાઈ પરમારે ઉત્સાહથી જોડાઈને ઉજવણીને સફળ બનાવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને આભારવિધિ વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારાના ઈન્ચાર્જ ડૉ.જયકર એસ. મેકવાને કર્યુ હતું.

N.H. PATEL COLLEGE OF EDUCATION ANAND

Principal
N.H.Patel College of Education
ANAND.


PATEL COLLEGE OF












PATEL COLLEGE OF EDUCATION

